पुणा International School

Shree Swaminarayan Gurukul, Zundal

# Grade -V

# Gujarati

# Specimen

# copy


# Year- 2022-23

## અનુક્રમણિકા

પાઠ-૧ વાંદરાને વાંચતા ન આવડે

પાઠ-૧ વાંદરાને વાંચતા ન આવડે

અઘરા શબ્દો




૧ ઝાડ

૨ બારેમાસ

૩અચરજ

૪દોસ્તો

૫ તમેય

૬ સરસ

૭ બુમપાડવી

૮ જળબંબાકાર

૯પવન

શબ્દોના અર્થ

૧ ઝાડ –વૃક્ષ

૨ બારેમાસ -૧૨ મહિના

૩અચરજ -નવાઈ

૪દોસ્તો -મિત્રો

૫ તમેય -તમે

૬ સરસ -સુંદર

૭ બુમપાડવી -બોલાવવું

૮ જળબંબાકાર -ચારે તરફ પાણી જ પાણી

૯પવન –વાયરો

સાહિત્ય

**પ્રશ્ન -૧ નીચેના પશ્નોના જવાબ એક એક વાક્યો માં લખો**

૧)વાંદરાનું નામ શું હતું ?

જ )વાંદરાનું નામ ખટખટ હતું .

૨)વાંદરાની ચિતા કોણ કરતું હતું ?

જ)વાંદરાની ચિતા સુધરી કરતી હતી .

3 )ઠડી થી બચવા વાંદરાઓ એ શું કર્યું ?

જ)ઠડી થી બચવાવાંદરાઓએ મરચાનું તાપણું કર્યું .

4)ઘર વગર વાંદરાઓ ને કઈ-કઈ મુશ્કેલી ઓ પડી ?

જ)ઘર વગર વાંદરાઓ ને ખુબ મુશ્કેલી પડી .તેઓ ઠડી માં થર- થર ધ્રુજવા લાગ્યા .અને ગરમીથી પરસેવે રેબઝેબ થી ગયા વરસાદમાં ભીંજાઈ ગયા .

**પ્રશ્ન -૨ નીચના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો**

૧)વાંદરાઓએ શું ક્યુ ત્યારે તેમને સૌથી વધુ મજા પડી ?

જ) બધા વાંદરાઓ તેનમી પૂંછડી ઉંચી કરી મિનારા જેવું બનાવીને બેઠા હતા .અને ગાતા હતા ,તે જોઈને અમને ખુબ મજા પડી .

૨)વરસાદ આવતો હોય અને તમારી પાસે છત્રી ન હોય તો તમે શું કરો ?

જ)વરસાદ આવતો હોય અને અમારી પાસે છત્રી ન હોય તો નાચી કૂદી ને વરસાદ માં ભીંજાવાનો આનંદ આનંદ માણીએ.

3 )સુધરી કેવી રીતે ઘર બનાવતી હશે ?

જ)સુધરી પોતાની ચાંચ વડે તણખલા ભેગા કરી ઘર બનાવતી હશે .

૪)સુધરી ના માળામાં વારંવાર કોણ છે ?તેને સુધરીનાં માળામાં શું તકલીફ પડતી હશે ?

જ)સુધરી ના માળામાં નાનો બાળક છે .તેને મોકળાશથી ફરવામાં તકલીફ પડે છે .

૫)વાંદરાઓ વારંવાર શું બોલતા હતા ?

જ)વાંદરાઓ વારંવાર  બોલતા હતા

હૂપ હૂપા હૂપ ........

૬)સુધરી ની સલાહ સાચી હતી કે ખોટી ?કેમ ?

જ)સુધરી ની સલાહ સાચી હતી ,કારણકે ,ઘર આપણું ઠંડી ,ગરમી અને વરસાદ માં રક્ષણ કરે .

વ્યાકરણ

પ્રશ્ન -3 ખાલી જગ્યા પૂરો

૧)માણસોને તપતા જોઈ ખટખટ ને ________લાગી (નવાઈ ,નવરાશ )

૨)માણસો ____________થી તાપતાં  હતા.અને વાંદરા એ તાપણું કરવા _________ભેગા કર્યા .

(લાલ મરચા ,લાલ અંગારા )

3 )ખટખટે હૂપાહૂપ કરી પોતાના _________ને બોલાવ્યા .(મિત્રો ,વાંદરાઓ )

૪)ઉનાળામાં ખટખટ ને ખુબ ___________થતો .(પરસેવો ,રેબઝેબ )

૫)આખરી થાકી ને સુધરી એ વાંદરાઓની _________કરવાની છોડી દીધી .(કદર ,ફિકર)

પ્રશ્ન -૪)ઉદાહરણ પ્રમાણે લખો .

કોણ કયા રહે છે ?

ઉદા_ચકલી -માળો

૧)માણસ -______

૨)તેતર - ______

3 )બકરી - ______

૪)સિંહ - ______

૫)ઉંદર- ______

## પ્રવૃત્તિ -દરેક ઋતુઓના ચિત્ર દોરો

## શિયાળો ,ઉનાળો ,ચોમાસુ









## પાઠ -૨ પોટલા ટપકે ટપ્પ




**અઘરા શબ્દો**

**૧) આભલે**

**૨ )ઉડ્યા**

**૩ )ડુંગર**

૪)બા - બાપુ

૫)પવન

૬)ગમ્મત

૭)સૂર્યોદય

૮)જ્યોત

૯)ફરિયાદ

૧૦)ઝબૂકવા

૧૧)આનંદ

શબ્દાર્થ

૧) આભલે - આકાશ

૨)ઉડ્યા - ઉડવું

૩)ડુંગર - પર્વત

૪)બા - બાપુ = માતા -પિતા

૫)પવન -વાયરો

૬)ગમ્મત - મસ્તી ,મજાક

૭)સૂર્યોદય - સૂર્યનું ઊગવું

૮)જ્યોત - દીવો ,દિવેટ

૯) ઝબૂકવા - પ્રગટવું

૧૦)આનંદ- મોજ , મજા

સાહિત્ય

પ્રશ્ન-૧ નીચના પ્રશ્નો ના જવબ એક વાક્યમાં લખો

૧)કોને આકાશમાં ફરવા નીકળવાનું મન થયુ ?

જ)કેટલાક વાદળાંને આકાશ માં ફરવા નીકળવાનું મન થયુ.

૨)દીવો કોને સળગાવ્યો ?

જ)દીવો એક મોટા વાદળાંએ સળગાવ્યો .

૩ )વાવાઝોડું ક્યારે આવ્યું ?

જ)પવને એનું કામ શરૂ કરી દીધું ત્યારે વાવાઝોડું આવ્યું .

૪)પોતાની જીતથી કોની આખો કમકવા લાગી ?

જ)પોતાની ગીતથી વાદળાની આખો ચમકવા લાગી.

પ્રશ્ન - ૨ નીચના પ્રશ્નોના જવાબ એક શબ્દોમાં લખો .

૧)વાદળ ભેગા થઈને કોની પાછળ જઈને બેઠા ?

જ)કાળા વાદળ ની પાછળ

૨) વાદળ કોની ગાડી માં બેસીને દોડવા લાગ્યા ?

જ)પવનની ગાડી માં

૩ ) વાદળાંએ દીવો સળગાવ્યો ત્યારે નીચેના લોકો શું થયુ એમ કહેવા લાગ્યા ?

જ) સૂર્યોદય થાય છે .

૪)પવનને પોતાનું કાંમ શરૂ કર્યું તેથી ધરતી પર શું આવ્યું ?

જ)વાવાઝોડું

પ્રશ્ન -3 નીચના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો .

૧) વાદળાંએ એવું શું કર્યું જે તમને સૌથી વધુ ગમ્યું ?

જ)પોતાની જીતના આનંદ માં વાદળ એટલું હસ્યાં ,એટલું હસ્યાં કે એમની આખો માંથી આનંદની વહેવા લાગી .મને આ સૌથી વધુ ગમ્યું .

નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો

૧) વાદળા એ એવું શું કર્યું જે તમને સૌથી વધુ ગમ્યું ?

જ) પોતાની જીતના આનંદમાં વાદળ એટલું હસ્યાં ,એટલું હસ્યાં કે એમની આંખોમાંથી આનંદ ની ધારાઓ વહેવા લાગી .મને આ સૌથી વડું ગમ્યું .

૨) સૂર્ય ઉગે ત્યારે આકાશમાં અને ધરતી પર શું થાય ?

જ) સૂર્ય ઉગે ત્યારે આકાશમાં સોનેરી રંગ રેલાય ,ધરતી પર ચહલ-પહલ શરૂ થી જાય .પંખીઓનો કલરવ ,મંદિરની આરતી અને ઘટારવ મનને પ્રફુલ્લિત કરે છે .

૩ ) પવન ખુબ જોરથી ફુકાય ત્યારે શું-શું ઉડે?

જ) પવન ખુબ જોરથી ફુકાય ત્યારે ધૂળ ,રેતી ,પાંદડાં ઉડે ,વૃક્ષો ધરાશયી થઈ જાય

## વ્યાકરણ.

એકવચન -બહુવચન લખો

ઉદા - વાક્ય - વાક્યો

૧)વ્રક્ષ - વૃક્ષો

૨) દર -દર

૩ )કાબર -કાબરો

૪)નદી -નદીઓ

૫)વીંછી – વીંછીઓ

બંધ બેસતાં જોડકા ગોઠવો

| અ | બ |
|---|---|
| ૧)ગુલાબી - | ક)ગાડી |
| ૨)વાદળાની - | ખ)જ્યોત |
| ૩ )પવનની - | ગ) ઠડી |
| ૪)દીવાની - | ચ)ગમ્મત |

ઉત્તર -(૧ -ગ ) ,(૨-ચ ) ,( ૩- ક ) ,(૪ - ખ )

શબ્દો વાંચો અને લખો

૧)વિદ્યા - __________

૨)ઉદ્યત - __________

૩ ) સૃજન - __________

૪) સૃષ્ટિ- __________

૫) વિદ્યાર્થી - __________

૬) સૃષ્ટિકર્તા- __________

૭)વિદ્યુત - __________

૮)દ્રષ્ટિકોણ -__________

## લેખન વિભાગ

### મોર

મોર સૌથી સુંદર પક્ષી છે.

મોરને રંગબેરંગી લાંબાં પીંછાં અને ભૂરી ડોક હોય છે. તેને માથે કલગી હોય છે. તેને બે પગ અને બે આંખ હોય છે.

મોર દાણા અને જીવડાં ખાય છે. મોર સાપને મારી નાખે છે. તેથી તે ખેડૂતનો સાથી કહેવાય છે.



મોર જંગલમાં, ખેતરમાં, શહેરના પ્રાણીબાગમાં, બગીચામાં અને મોટા બંગલાઓના કમ્પાઉન્ડમાં જોવા મળે છે.

મોર કળા કરીને નાચતો હોય ત્યારે ખૂબ સુંદર લાગે છે. મોર "ટહૂક... ટહૂક..." બોલે છે. શ્રીકૃષ્ણના મુગટમાં મોરનું પીંછું ખોસેલું હોય છે.

મોર આપણું રાષ્ટ્રીય પક્ષી છે.

## પાઠ-૩ હું પતંગિયું મારા પીલ્લુનું

### અઘરા શબ્દો




૧)તડકો

૨)હળવેથી

૩)પાંદડા

૪)ઉઠતાવેંત

૫)ભાખોડીયા

૬)સલામત

૭) અઠવાડિયું

૮)તગડો

**શબ્દાર્થ**

૧)તડકો -તાપ

૨)હળવેથી - ધીરેથી

૩)પાંદડા - પર્ણ

૪)ઉઠતાવેંત - ઉઠતા ની સાથે

૫)ભાખોડીયા -ઘુંટણથી ચાલતા શીખવું

૬)સલામત - રક્ષણ

૭) અઠવાડિયું - સાત દિવસ

૮)તગડો – તાજોમાજો

**સાહિત્ય**

**નીચેના પ્રશ્નોના જવાબએક  વાક્યમાં લખો**

૧)ઇવાને ક્યુ પતંગિયુ ગમી ગયું ?

જ)ઇવાને મોટી,પીળી પાંખોવાળું પતંગિયું ખુબ ગમી ગયું .

૨) પાંદડાં પર નાના નાના પીળાં ટપક જેવું હતું તે શું હતું ?

જ)પાંદડાં પર નાના નાના પીળાં ટપક જેવું હતું તે ઈંડા હતા .

૩)દ્વિજે કોનું નામ પીલ્લું પાડ્યું ?

જ)દ્વિજે ઇયળ નામ પીલ્લું પાડ્યું

૪) કોશેટો તૂટતાં તેમાંથી શું બહાર આવ્યું ?

જ)કોશેટો તૂટતાં તેમાંથી જીવડું (પતંગિયું ) બહાર આવ્યું .

૫)પતંગિયાની ચાર અવસ્થા લખો

જ)પતંગિયાની ચાર અવસ્થા : ૧)ઈડું  ૨)ઈયળ  ૩)કોશેટો  ૪)પતંગિયું

**નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો**

૧)લીમડા ના પાન પર કાણા કેમ હતા ?

જ)લીમડા ના પાન પર કાણા હતા ,કારણકે ઇયળોતે પાન ખોટી હતી .

૨)દ્વિજ  અને ઈવા ક્યારે ક્યારે પીલ્લુની સંભાળ  લેતા ?

જ) દ્વિજ  અને ઈવા રોજ સવારે અને સાંજે નિશાળે આવતા જતા પીલ્લુની સંભાળ લેતા .

૩)દ્વિજ  અને ઈવા પીલ્લુની કેવી રીતે ભાળ લેતા ?

જ)દ્વિજ  અને ઈવા પીલ્લુના ખોખાને સાફ કરતા અને તેમાં નવા પાંદડાં ઉમેરતા . રાત પડ્યે વધુ એકવાર તપાસ કરીને જ સુવા જતા .

૪)કોશેટો તૂટતાં શું  થયું ?તેની કેવી સ્થિતિ હતી ?

જ) કોશેટો તૂટતાં તેમાંથી જીવડું બહાર આવ્યું .એ જીવડાને પાંખો હતી ,પણ તેની પાંખો ચોટેલી હતી .

વ્યાકરણ

**બંધ બેસતા  જોડકા જોડો**

| | અ | બ |
|---|---|---|
| | ૧)દ્વિજ અને ઈવા | ક)ઇયળો |
| | ૨)ઝીણી -ઝીણી | ખ)પિલ્લું |
| | ૩)ફૂણાં | ગ)ભાઈ-બહેન |
| | ૪)પહેલવાન | ઘ) પાંદડાં |
| | | ચ)મિત્રો |

**નીચેના ઉખાણાં ઓળખી બતાવો**

અ) ૧)તે ખોબામાં સમાઈ જાય તેવું છે .

૨)તેના આગળના પગ પાછળના પગ કરતા ટૂંકા છે .

૩)તેને પૂંછડી છે .

ઉત્તર : ખિસકોલી

બ) ૧) તેને પૂંછડી છે .

૨) તેના પગ એકસરખા છે .

૩)તેની આંખ અંધકારમાં ચમકે છે .

ઉત્તર : બિલાડી

ક) ૧)તે લાંબો કૂદકો લગાવે છે .

૨)તેના પાછલા પગ આગલા પગ કરતા લાંબા છે .

૩)તે ચોમાસામાં ખાસ દેખાય છે .

ઉત્તર : દેડકો

પ્રવૃત્તિ

૧) બિલાડી નું ચિત્ર દોરો અને તેના વિષે પાંચ વાક્યો લખો

## બિલાડી પર નિબંધ |

બિલાડી એક ઘરેલું પ્રાણી છે.

તેના ચાર પગ, બે આંખો, બે કાન, લાંબા વાળ અને તીક્ષ્ણ દાંત અને પંજાવાળી રુંવાટીદાર પૂંછડી છે

તેનું શરીર નરમ અને રેશમી વાળથી ઢંકાયેલું છે.

તે સામાન્ય રીતે ભૂરા, સફેદ, કાળો અથવા મિશ્ર જેવા વિવિધ રંગોમાં જોવા મળે છે.

તેઓ માછલી, દૂધ અને માંસના શોખીન છે.

તેની સુંદર આંખોની મદદથી તે અંધારાવાળી જગ્યાએ સરળતાથી જોઈ શકે છે.

બિલાડીનું આયુષ્ય લગભગ 10 થી 12 વર્ષ છે.

તે ઘરો અને શેરીઓમાં મળી શકે છે કારણ કે ઘણા લોકો પાસે તે તેમના પાળતુ પ્રાણી છે અને લગભગ દરેક દેશમાં મળી શકે છે.

## ૨)કબૂતર  નું ચિત્ર દોરો અને તેના વિષે પાંચ વાક્યો લખો

કબૂતર એ ઘર આંગણાનું પક્ષી છે. વિશ્વભરમાં કબૂતરની 300 જાતિઓ જોવા મળે છે. અતિશીત પ્રદેશો સિવાય લગભગ તે બધે જ જોવા મળે છે.કબૂતર અને હોલા એક જ કુળના પક્ષીઓ છે. દૂરદૂરના અંતરેથી પોતાના ઘરે અચૂક આવી પહોંચવાની ક્ષમતાને કારણે કબૂતરોને સંદેશાવાહક તરીકેની ખાસ તાલીમ આપવામાં આવે છે.

કબૂતર કદમાં 25-28 સેમી લાંબુ, બેઠા ઘાટનું, રાખોડી રંગનું, ગળા આગળ લીલાશ પડતી છાંટવાળું હોય છે. તેના પગ છેડે લાલ અને પીંછાં વગરના હોય છે. તેની ત્રણ આંગળીઓ આગળ અને એક પાછળ એવી રીતે ગોઠવાયેલી હોય છે કે ઝીણી ડાળીઓ કે તાર ઉપર સહેલાઇથી તે બેસી શકે.

કબૂતરનો ખોરાક મુખ્યત્વે અનાજના દાણા-ઘઉં, ચોખા, જુવાર, બાજરી વગેરે છે. કબૂતરના માળા ઢંગઢડા વગર ગોઠવેલી સૂકી સળીઓના હોય છે. તે ખૂંભીઓના ખૂણે, ભીંતોની બખોલમાં કે કૂવાના ગોખમાં બિન સલામત રીતે રચાયેલા હોય છે.

કબૂતર એ આપણા ઘરઆંગણાનું, શાંતિના દૂત તરીકે ખ્યાતિ પામેલું પક્ષી છે.

## પાઠ- ૪ સસલાની પાછળ કૂતરો

### અઘરા શબ્દો

1. શિકારી
2. તાપ
3. ડોગી
4. ફાસ્ટ
5. સ્પીડ




### શબ્દાર્થ

1. શિકારી -પશુ -પક્ષીનો શિકાર કરે તે
2. તાપ - તડકો
3. ડોગી - કૂતરો
4. ફાસ્ટ - જલ્દી
5. સ્પીડ – ઝડપી

### સાહિત્ય

### નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો

૧)જંગલમાં શિકાર કરવા કોણ ગયું ?

જ)જંગલમાં શિકાર કરવા હ ટ્રીક   શિકારી ગયો .

૨)હ ટ્રીક  શિકારી  બપોરે આરામ કરવા ક્યાં બેઠો ?

જ)હ ટ્રીક  શિકારી  બપોરે આરામ કરવા  એક ઝાડ નીચે બેઠો .

૩ )શું જોઈને એક્સપ્રેસ ડોગીના મોમાં પાણી આવ્યું ?

જ)ફાસ્ટ સસલાને જોઈને  એક્સપ્રેસ ડોગીના મોમાં પાણી આવ્યું .

૪)  એક્સપ્રેસ ડોગી ફાસટ્ટ  સસલાને  કેમ પકડી ન શક્યો ?

જ) ફાસ્ટ  સસલું સુપરફાસ્ટ  સ્પીડ માં દોડતું હતું તેથી એક્સપ્રેસ ડોગી તેને પકડી ન શક્યો.

## નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો

૧)કોણ હસ્યું ? એને હસતાં હસતાં એક્ષપ્રેસ ડોગી ને શું ક્યુ ?.

જ)હેટ્રિક શિકારી હસ્યો . એને હસતાં -હસતાં  એક્સ્પ્રેસ ડોગી ને કહ્યું "કેમ એક્ષપ્રેસ ડોગી ,આટલું નાનું સરખુંય તમે પકડી ન શક્યાં ?"

૨) એક્સ્પ્રેસ ડોગી ફાસ્ટ  સસલાને કેમ ન પકડી શક્યો ?

જ)એક્સ્પ્રેસ ડોગી એ હેટ્રિક શિકારીને ઉત્તર આપ્યો, "હું દોડતો હતો તેને મારવા માટે ,તે દોડતું હતું જીવ બચાવવા માટે .દોડ દોડમાં ફેર હતો ને ?"

વ્યાકરણ

## સાચા વિકલ્પ સામે સાચાની નિશની કરો

૧)ફાસ્ટ્ર સસલું બહુ ઝડપી દોડતું હતું .

અ)એક્સપ્રેસ  ડોગીથી બચવા .

બ)હટ્રીક  શિકારીથી બચવા .

૨) " આટલું નાનું સરખું સસલુંય તમે પકડી ન શક્યાં !"_ એટલે કે .....

અ) ફાસ્ટુ સસલું પકડવાની એક્સપ્રેસ ડોગીની ઈચ્છા  નહોતી .

## મને ઓળખી બતાવો

(ઉંદર, હરણ ,નાક ,પતંગિયું ,માછલી ,પતંગ ,મોબાઈલ )

૧)ઉત્તરાયણમાં મારાથી આકાશ રંગબેરંગી થઈ જાય છે  [    ] .

૨)પાણીમાં હું તરું છું. બહાર કાઢો  તો મૃ છું .  [    ]

૩ )હલો ......હલો કહી વટ ,કદમાં નાનો પણ  છે દુનિયાનો ખજાનો  [    ] .

[    ]

**૪)બે આંખોને રાખું અળગી .સુગંધ પારખું હું સઘળી .**

**૫) મારે રંગબેરંગી પાંખો છે .હું એક ફૂલ પરથી બીજા ફૂલ પર બેસું છું** ☐ **.**

**૬)ત્રણ અક્ષરનું નામ મારુ .પહેલો અને બીજો અક્ષર 'હર 'છે અને બીજો અને ત્રીજો અક્ષર 'રણ' છે .** ☐

**કયો શબ્દ સાચો ?સાચા શબ્દ પર ⬭ કરો .**

**૧)ટાયર - ડાયર**

**૨)ઠળિયો - ઢળિયો**

**3 )ટામર - ડામર**

**૪)કાગળ - કાગર**

**૫)ટીલરી - ટીલડી**

**નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ લખો**

જૂતાં = ચંપલ
નઠારી = ખરાબ
તોફાની = નટખટ
ઝાડ = વૃક્ષ
નાડી = નસ
ઠેકડો= કૂદકો
જંગલ= વન
જીવ = જાન
બીમાર = માંદું
ફૂલ = પુષ્પ
તાપ = તડકો
ફેર = તફાવત

**નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દ લખો**

બીમારી X તંદુરસ્ત
ઊંચા X નીચા
દૂર X નજીક
નઠારી X સારી
ઉપર X નીચે
પાછળ x આગળ
સુધારી X બગાડી
નવા X જૂના
બહાર X અંદર

## પાઠ -૫ કોરો કાચબો  ભીની ચાંદો

### અઘરા શબ્દો




1. નટખટ
2. રાત્રિ
3. વાનર
4. જળ
5. પ્રતિબીંબ
6. યુક્તિ
7. મોટેરા
8. યોજના

### શબ્દાર્થ

1. નટખટ- તોફાની
2. રાત્રિ - રાત
3. વાનર- વાંદર
4. જળ  - પાણી
5. પ્રતિબીંબ - પડછાયો
6. યુક્તિ - વિચાર
7. મોટેરા - વડીલો
8. યોજના – આયોજન

સાહિત્ય

**નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો**

૧)વાંદરાના પરિવારના સરદારનું નામ શું હતું ?

જ)વાંદરાના પરિવારના સરદારનું નામ  મહાબલી હતું .

૨)બધા વાંદરા ક્યાં જઈ સૂઈ રહેતા ?

જ)બધા વાંદરા ઝાડ પર સૂઈ રહેતા .

૩)જગ્ગુ એ પાણીમાં શું જોયું ?

જ)જગ્ગુ એ પાણીમાં ચાંદો જોયો .

૪) તળાવના શાંત પાણીમાં શું દેખાતું હતું ?

જ)તળાવના શાંત પાણીમાં ચદ્રનું પ્રતિબીંબ દેખાતું હતું .

૫) બચ્ચાને પાણી માંથી કોને બહાર  કાઢયા ?

જ) બચ્ચાને પાણી માંથી મોટા વાંદરાએ બહાર  કાઢયા.

## નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો

૧) વાંદરાઓના બચ્ચાઓ કેવા કેવા તોફાન કરતા હતા ?

જ વાંદરાઓના બચ્ચાઓ ભારે તોફાની હતા . આખો દિવસ તોફાનમસ્તી જ કરતા .કોઈ ઝાડની ડાળીએથી ઉંધે માથે લટકતા ,તો કોઈ બીજાની પૂંછડી ખેંચી ભાગી જાય .વળી એકબીજા સામે કચ -કચ દાંત પણ કાઢે .

૨) ચાંદો તળાવમાં અને આકાશમાં એમ બન્ને જગ્યાએ કેમ  દેખાતો હશે ?

જ)ચાંદો આકાશમાં છે . તળાવમાં તેનું પ્રતિબીંબ છે . આથી  ચાંદો તળાવમાં અને આકાશમાં એમ બન્ને જગ્યાએ  દેખાતો હશે .

૩) મોટા વાંદરાઓ આખો દિવસ શું કરતા ?

જ) મોટા વાંદરાઓ આખો દિવસ હૂપાહૂપ કરતા ,એક ઝાડ પરથી બીજા ઝાડ પર કૂદાકૂદ કરતા .તેઓ રમતા અને મીઠા ફળ ખાતા, તળાવનું પાણી પિતા અને ઝાડને છાંયે બેસી  વાતો કરતા .

## વ્યાકરણ

**નીચેના વાક્યો કોણ બોલે છે તે લખો**

૧) "નક્કી ચાંદો પાણીમાં પડી ગયો છે ".- જગ્ગુ .

૨) "ના,ના ,આ ચાંદો નથી . આ તો સરસ મજાનું ફળ છે ".- ચિપ્પુ

૩)"ચાંદો હોય કે ફળ ,એને પાણીમાંથી ભાર તો કાઢો ." - મોન્ટી

૪)" વાહ ! કેવી મજા પડશે ! કામ પણ થશે અને ગમ્મત પણ થશે ." - જગ્ગુ અને મોન્ટી

**નીચેના વિરોધી શબ્દો લખો**

1. નવું જૂનું
2. મોટું નાનું
3. મીઠું   કડવું
4. રાત  દિવસ
5. પૂનમ  અમાસ

## તરસ્યો કાગડો વાર્તા

એક કાગડો હતો. ઉનાળાના દિવસોમાં ઊડતો ઊડતો તે ઘણે દૂર નીકળી ગયો. એવામાં તેને બહુ જ તરસ લાગી. તરસથી તેનો કંઠ શોષાવા લાગ્યો. આજુબાજુ કોઈ નદી કે તળાવ ન હતા.પાણીની શોધમાં તે આમતેમ ભટકવા માંડ્યો. ઘણી શોધ કરવા છતાં તેને પાણી મળ્યું નહિ.

અચાનક તેની નજર એક કોઠી પર પડી. તેના આનંદનો પાર ન રહ્યો. ઝડપથી તે કોઠી પાસે પહોંચી ગયો. તેને થયું મહેનતનું ફળ મળ્યું ખરું!જુએ તો કોઠીમાં પાણી તો હતું પણ ઠીક ઠીક નીચે હતું. તરસ્યા કાગડાએ પાણી પીવા ડોક લંબાવી પણ તેની ચાંચ પાણી સુધી પહોંચી નહિ.

પાણી પીવા તેણે ઘણી મહેનત કરી. ખૂબ ઊંચો નીચો થયો,પરંતુ બધી જ મહેનત નકામી ગઈ.

પણ તે હિંમત ન હાર્યો. ખંતથી કામ લેવાનું તેણે નક્કી કર્યું. કોઈપણ યુક્તિ કરીને તરસ છીપાવવી એમ તેણે વિચાર્યું.ચતુર હતો. તેણે આજુબાજુ નજર કરી. બાજુમાં કાંકરાનો ઢગલો પડેલો હતો તે જોઈને તે મનમાં હરખાયો. તેને યુક્તિ સૂઝી ગઈ.

જો કે એમાં ઘણી જ ધીરજ અને મહેનતની જરૂર હતી. તરસે મરવા કરતાં મહેનત કરવી સારી એમ વિચારી તેણે ઢગલામાંથી ચાંચથી કાંકરો ઉપાડ્યો. કાંકરાને કોઠીમાં નાખ્યો. તેણે વારાફરતી ઊડી ઊડીને કાંકરા કોઠીમાં નાખવા માંડ્યા.

કોઠીમાં કાંકરા જેમ જેમ પડતા ગયા. તેમ તેમ કોઠીનું પાણી ઊંચે આવતું ગયું. પાણી છેક કાંઠા સુધી ઉપર આવ્યું ત્યાં સુધી કાંકરા નાંખ્યા.કાગડાએ ચાંચ બોળી ધરાઈને પાણી પીધું. પેટ ભરીને પાણી પી ખુશ થતો પોતાના મુકામ તરફ ઊડી ગયો.

**જ્યાં ચતુરાઈ અને મહેનત બન્ને સાથે હોય ત્યાં ગમે તેટલું અઘરું કામ પણ અઘરું રહેતું નથી.**